# 2 ભારતીય સંસ્કૃતિ અને સમુદાય

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, આગળના એકમમાં આપણે ધાર્મિક, સાંસ્કૃતિક અને આદિવાસીના વસ્તી-વૈવિધ્યની જાણકારી મેળવી ભારતની વિવિધતાને સમજી રાષ્ટ્રીય એકતા વિશે માહિતગાર થયા. હવે આપણે આ એકમમાં સૌપ્રથમ ભારતીય સંસ્કૃતિનો અર્થ અને સ્વરૂપ જોઈશું ત્યાર બાદ સમુદાયનો અર્થ અને પ્રકારોની સમજૂતી મેળવીશું.

સંસ્કૃતિ એટલે કોઈ એક પ્રજાની લાક્ષણિક જીવનરીતિ. સમાજના સભ્ય તરીકે આપણે જે કંઈ વિચારીએ છીએ, જે કાંઈ કરીએ છીએ, આપણી પાસે જે કાંઈ છે તે જટિલ એકમને સંસ્કૃતિ કહેવાય. સંસ્કૃતિ અંગે ધોરણ 11માં આપણે વિગતે સમજણ મેળવી છે. આ એકમમાં આપણે તેની ભારતના સંદર્ભમાં સમજૂતી મેળવવાની છે.


વિદ્યાર્થીમિત્રો, માત્ર કુટુંબનાજ વડીલો નહિ, બધા વડીલોને લોકો માન આપે છે, પગે લાગે છે, તે તમે જોયું છે ને ? અતિથિ દેવો ભવઃ ઘરે આવેલ મહેમાનની આગતા-સ્વાગતા કરી તેમની કાળજી લેવાતી હોવાનું જોયું છે ને ? આ ઉદાહરણ જ ભારતીય સંસ્કૃતિનું પ્રતિબિંબ પાડે છે. ભારતીય સંસ્કૃતિના આવા ઘણાં બધા મૂલ્યો ભારતીય સંસ્કૃતિને ખૂબ જ વિશાળતા અપાવે છે.

ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનો ઈતિહાસ હજારો વરસ જૂનો છે. ગંગા નદીના પ્રવાહની જેમ તે સતત પ્રવાહિત રહ્યો છે. સમય જતા તેમાં નવાં નવાં તત્ત્વો સમાતા ગયા અને આજે એકવીસમી સદીના પ્રારંભે ભારતીય સંસ્કૃતિ અનેકવિધ પાસાંઓને સમાવતી ''ભાતીગળ સંસ્કૃતિ'' તરીકે ઊપસી આવી છે. ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં અનેક લોકોએ સહયોગ-બલિદાન આપી, પોતાની વિશિષ્ટ પ્રતિભા દ્વારા તેને અમરતા બક્ષી છે. તેથી જ તો અન્ય પ્રાચીન સંસ્કૃતિઓ નામશેષ થઇ ગઈ પરંતુ ભારતની પ્રજાએ પોતાનો સાંસ્કૃતિક વારસો જાળવી રાખ્યો છે. વિશ્વમાં ભારતની સંસ્કૃતિ પ્રાચીન અને ભવ્ય ગણાય છે અને વિશ્વગુરુ બનવા તરફ પ્રયાણ કરી રહી છે.

**ભારતીય સંસ્કૃતિનો અર્થ–વ્યાખ્યા**

**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ** - ''ભારતીય સંસ્કૃતિ એટલે માનવતા, સહિષ્ણુતા, વિશાળતા, એકતા, બિનસાંપ્રદાયિકતા અને સાતત્યતાનાં લક્ષણ ધરાવતી સંસ્કૃતિ.''

ભારતીય સંસ્કૃતિ લાગણીઓની અને બુદ્ધિની પૂજા કરનારી સંસ્કૃતિ છે. ઉદાર ભાવના અને નિર્મળ જ્ઞાનના સંયોગથી જીવનમાં સુંદરતા લાવનારી સંસ્કૃતિ છે. જ્ઞાન-વિજ્ઞાનનું સંયોજન કરી સંસારમાં સંવાદિતા પ્રસરાવવા પ્રયત્ન કરનારી સંસ્કૃતિ છે.



ભારતનું સાંસ્કૃતિક વૈવિધ્ય

ભારતીય સંસ્કૃતિ એટલે નિરંતર જ્ઞાનની શોધ કરવા સતત આગળ વધતી, જગતમાં જે કંઈ સુંદર, શિવ અને સત્ય દેખાય તેને લઈને વિકાસ પામનારી સંસ્કૃતિ છે. એટલે જ કહેવાય છે સત્યમ્-શિવમ્-સુંદરમ્.

**ભારતીય સંસ્કૃતિનાં લક્ષણો**

**(1) સાતત્ય અને પરિવર્તન :** દુનિયાની ઘણી સંસ્કૃતિઓ ઉદ્‌ભવી અને નાશ પામી; પરંતુ ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા એ છે કે ઘણી મોટી ઊથલ-પાથલ થવા છતાં આજે પણ જળવાઈ રહી છે એટલે તેનું સાતત્ય જળવાઈ રહ્યું છે.

સાતત્ય સાથે પરિવર્તન એ પણ ભારતીય સંસ્કૃતિનું લક્ષણ છે. કેટલાંય આંદોલનો, નવજાગરણ, જૈન, બુદ્ધ ધર્મનો પ્રસાર વગેરે ક્રાંતિકારી પરિવર્તન છતાં સંસ્કૃતિનાં મૂળભૂત તત્ત્વો જાળવીને ભારતીય સંસ્કૃતિએ સમાયોજન સાધ્યું છે.

**(2) વિવિધતા અને એકતા :** ભારતીય સંસ્કૃતિ જેવી વિવિધતા બહુ ઓછી સંસ્કૃતિમાં જોવા મળે છે. ભારતની સંસ્કૃતિમાં અનેક જાતિ અને જ્ઞાતિના લોકો તેમજ વિવિધ ભાષા, ધર્મ, ઉત્સવો અને કલાઓ, સંગીત, નૃત્ય વગેરે જોવા મળે છે. આ બધા માટે પ્રાદેશિકતા, ભૌગોલિકતા અને આબોહવા જવાબદાર છે.

આટલી બધી વિવિધતા હોવા છતાં એક દેશના નાગરિક હોવાની ભાવના તેમજ રાજનૈતિક પદ્ધતિઓને લીધે એકતા જોવા મળે છે.

**(3) બિનસાંપ્રદાયિક દ્રષ્ટિકોણ :** બિનસાંપ્રદાયિકતામાં ધર્મ નિરપેક્ષતા અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ બંને અભિપ્રેત છે. ભારતીય સંસ્કૃતિમાં આ બંનેનું મિશ્રણ છે. ભારતમાં વિભિન્ન સંસ્કૃતિ ધરાવતા સમૂહો હળી-મળીને સાથે રહે છે. ભારતીય સંસ્કૃતિ સહિષ્ણુતાનો ગુણ ધરાવે છે.

ભારતમાં બધા જ લોકોને સમાન અધિકાર અને લઘુમતીઓના અધિકારના રક્ષણ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે, જે ભારતીય સંસ્કૃતિની ઉદારતા બતાવે છે. ભારતીય સંસ્કૃતિમાં વિજ્ઞાનને પણ મહત્ત્વ અપાયું છે એટલે કે તે બિનસાંપ્રદાયિક દૃષ્ટિકોણવાળી છે.

**(4) વૈશ્વિક દ્રષ્ટિકોણ :** ભારતીય સંસ્કૃતિ વૈશ્વિક દ્રષ્ટિકોણ ધરાવે છે. સમગ્ર દુનિયામાં શાંતિ અને સદ્ભાવનાનો સંદેશો ફેલાવ્યો છે. ''વસુધૈવ કુટુમ્બકમ્''નો ભાવ રાખ્યો છે. વિકાસશીલ અને વિકસિત દેશોના વિકાસ માટે ભારત કટિબદ્ધ રહ્યું છે. આ રીતે 'વિશ્વબંધુ' તરીકે જવાબદારી નિભાવી વૈશ્વિક દ્રષ્ટિકોણનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

**(5) ભૌતિકવાદી અને અધ્યાત્મવાદી :** ભારત અધ્યાત્મવાદની ભૂમિ તરીકે જાણીતું છે. પ્રાચીનકાળથી વર્તમાન સમય સુધી ભારતનો ઈતિહાસ જોશો તો ભૌતિકવાદી અને અધ્યાત્મવાદી સંસ્કૃતિ સાથે-સાથે વિકસી છે. જો તમારે ભારતીય માનસને સમજવું હોય તો આધ્યાત્મિકતાથી જ સમજી શકાય.

**(6) વ્યક્તિને મહત્ત્વ આપતી સંસ્કૃતિ :** ભારતીય સંસ્કૃતિ વ્યક્તિમાં વિશ્વાસ કરતી વ્યક્તિવાદી સંસ્કૃતિ છે. ભારતના વિવિધ ધર્મમાં વ્યક્તિનું મહત્ત્વ સ્વીકારાયું છે. રાજ્ય અને સમાજનો ઉદ્દેશ વ્યક્તિની ભલાઈ માટે છે અને તે રીતે રાજ્ય અને સમાજે ભૂમિકા ભજવવાની છે. પરંતુ એનો અર્થ એવો નથી કે સમાજનું કોઈ મહત્ત્વ નથી.

### ભારતીય સંસ્કૃતિનાં સ્વરૂપો

ભારતીય સંસ્કૃતિનાં અનેક સ્વરૂપ છે; પરંતુ અહીં તેની સ્પષ્ટ સમજ મેળવવા માટે ત્રણ વિભાગમાં વહેંચી શકીએ:

**(1)** પ્રશિષ્ટ–ભદ્રવર્ગીય અથવા માર્ગી પરંપરા (Classical Culture)

**(2)** લોકસંસ્કૃતિ અથવા દેશી પરંપરા (Folk Culture)

**(3)** આદિવાસી સંસ્કૃતિ (Tribal Culture)

**(1) પ્રશિષ્ટ-ભદ્રવર્ગીય અથવા માર્ગી પરંપરા (Classical Culture) :** ભારતીય સંસ્કૃતિની પ્રશિષ્ટ પરંપરામાં વિવિધ વિદ્યાશાખાઓ, ભાષાઓ અને કલાઓનો સમાવેશ થાય છે. તેને નીચે પ્રમાણે વિગતે દર્શાવી શકાય :

(1) ધર્મશાસ્ત્ર (ધર્મસંબંધી) Religious

(2) નીતિશાસ્ત્ર (આચારશાસ્ત્રી) Ethics

(3) જ્યોતિષશાસ્ત્ર (અવકાશવિજ્ઞાન, ખગોળશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્ર) Astronomy and Astrology

(4) દર્શનશાસ્ત્ર Philosophy

(5) સંગીતશાસ્ત્ર Music

(6) નાટ્યશાસ્ત્ર (નાટ્યવિદ્યા) Dramatics

(7) વ્યાકરણશાસ્ત્ર (વ્યાકરણ) Grammar

(8) આયુર્વેદ (ઔષધ વિજ્ઞાન) Medical Science

(9) વાસ્તુ અને શિલ્પ Architecture and Sculpture

અહીં દર્શાવેલાં વિવિધ શાસ્ત્રો મૂળ સંસ્કૃત ભાષામાં રચાયેલાં હતાં. તેને કારણે આપણે આ પરંપરાને પ્રશિષ્ટ

કહીએ છે. જુદા-જુદા ગ્રંથોમાં ભારતીય સંસ્કૃતિનાં વિવિધ પાસાંઓની શાસ્ત્રીય ચર્ચા કરવામાં આવી હતી અને તેનું સાતત્ય આજે પણ રહ્યું છે. આ પરંપરામાં વિવિધ વિષયોની કુશળતા પ્રાપ્ત કરવા માટેનાં સાધનો અથવા તાલીમની અનિવાર્યતા રહેતી. જોકે અહીં એ ઉલ્લેખ કરવો જોઈએ કે સંસ્કૃત ભાષા એ જનસામાન્યની ભાષા ન હોવાને કારણે ભદ્રવર્ગ સુધી જ સીમિત રહી. ઉપરાંત આ પરંપરામાં ભિન્ન-ભિન્ન ધર્મો અને સંપ્રદાયોનાં તત્ત્વો ઉમેરાતા ગયા અને તે દ્વારા એક વિશિષ્ટ ભાતીગળ સંસ્કૃતિ વિકસી.

**(2) લોકસંસ્કૃતિ અથવા દેશી પરંપરા (Folk Culture) :** લોકસંસ્કૃતિ માનવસમાજ જેટલી જૂની છે. લોકસંસ્કૃતિને આદિમાનવની મનોવૈજ્ઞાનિક અભિવ્યક્તિ તરીકે ઓળખવામાં આવે છે. લોકસંસ્કૃતિ એ લોકસમૂહનું સહિયારું નિજી સર્જન છે. જનજીવન પોતાનાં રસરુચિ, સવલતો, સુવિધાઓ અને ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર કેટલીક પ્રણાલિકાઓ આરંભે છે જે આગળ જતા રિવાજ અને રૂઢિ રૂપે લોકજીવનનું મુખ્ય અંગ બની જાય છે. લોકસંસ્કૃતિ એ અત્યંત વિશાળ જીવન ક્ષેત્ર છે. લોકજીવન, લોકકલા અને કસબ એ લોકસંસ્કૃતિનાં અંગ છે. લોકસંસ્કૃતિનો સાચો પરિચય મેળવવા માટે લોકજીવનનો અભ્યાસ જરૂરી છે.

**લોકસંસ્કૃતિનો અર્થ અને વ્યાખ્યા : જોરાવરસિંહ જાદવ –** ''સંસ્કૃતિના સીમાડામાં સમાઈ જતી બોલીઓ, કંઠસ્થ સાહિત્ય, સંગીતકલા, ઉત્સવો, ધર્મ, વસ્ત્રાલંકારો, ખેતી, પશુપાલન, નૌકાયાન, હથિયારો, ઘર, ખોરડા, રાચરચીલું, દેવમંડળ, આચાર-વિચાર, સંસ્કાર વગેરેનો લોકસંસ્કૃતિમાં સમાવેશ થાય છે.''

**મહાપાત્રે –** ''લોકોની રીતરસમો, વહેમો, માન્યતાઓ, પ્રચલિત લોકગીતો, લોકકથાઓ, હાલરડાં, મરસિયા, જોડકણાં, કહેવતો, રૂઢિપ્રયોગો ઉપરાંત વસ્ત્રાલંકારો, રમતો, ઘરવખરીની ચીજવસ્તુઓ, લોક દેવ-દેવીઓ, રમકડાં, હથિયાર ઈત્યાદિનો સમાવેશ લોકસંસ્કૃતિમાં થાય છે.''



**લોકનૃત્ય**

જેમકે રીત-રસમમાં લગ્ન કરનારને પીઠી લગાવવી, મીંઢળ બાંધવું વગેરે જોવા મળે છે. તીન તીગાડા કામ બિગાડા જેવા વહેમ જોવા મળે છે. તો કંજૂસાઈ કરી પૈસા ગણ્યા કરે તે વ્યક્તિ બીજા જન્મમાં ભમ્ફોડી(સાપનો એક પ્રકાર) બને છે તેવી માન્યતા વગેરે લોકસંસ્કૃતિનાં ઉદાહરણ છે.

'દીકરો મારો લાડકવાયો દેવનો દીધેલ છે.....' જેવાં હાલરડાં તેમજ 'ન બોલ્યામાં નવ ગુણ', 'બોલે તેનાં બોર વેચાય' જેવી કહેવતો, 'આંખ આડા કાન કરવા', 'રાતા પીળા થઈ જવું' જેવા રૂઢિપ્રયોગો પણ લોકસંસ્કૃતિનાં ઉદાહરણ છે.

**હસુ યાજ્ઞિક –** ''લોકસંસ્કૃતિ એ લોકમાનસ અને સાહિત્યના પાયા છે. સભ્યતાનો વિકાસ અને સંસ્કૃતિની ઉપલબ્ધિ બંનેની વિકાસયાત્રા સાથે લોકસંસ્કૃતિ જોડાયેલી છે.''

**કૃષ્ણદેવ ઉપાધ્યાય –** લોકવિદ્યાને લોકસંસ્કૃતિ તરીકે ઓળખાવે છે. ''લોકવિદ્યા એટલે લોકોએ પોતાનાં જીવન માટે જરૂરી એવી પોતે નિપજાવી કાઢેલી વિદ્યા કે જ્ઞાન છે જે લોકસમાજમાં ઉત્પન્ન થાય છે.''

ભારતની બહુમતી પ્રજા સદીઓથી લોકસંસ્કૃતિ સાથે સંકળાયેલી છે. આ પરંપરા મૌખિક રહી હોવાથી પુસ્તકનો સીધો આધાર તેના વિકાસમાં જોવા મળતો નથી. એક પેઢીમાંથી બીજી પેઢીમાં હસ્તાંતર દ્વારા તેનો સાતત્યપૂર્ણ વિકાસ થયો છે. ભૌગોલિક રીતે વિશાળ પ્રદેશ અને વિવિધ આબોહવા ધરાવતાં ભારતમાં ભૌગોલિક વાતાવરણ મુજબ લોકસંસ્કૃતિ જોવા મળે છે. મહદંશે કૃષિ અર્થવ્યવસ્થાવાળા દેશોમાં અને ગ્રામ્ય પરિવેશમાં લોકગીતો, નાટ્યસ્વરૂપો અને ચિત્રકલા વિકસી છે. આદિવાસી સંસ્કૃતિ અને લોકસંસ્કૃતિ આ સંદર્ભમાં ઘણું સામ્ય ધરાવે છે.

વિભિન્ન પહેરવેશ, શૃંગારનાં ભિન્ન ભિન્ન સ્વરૂપો, રોજિંદા ભોજનનું વૈવિધ્ય અને સાથે બાર ગાઉએ બોલી બદલાય એ ઉક્તિ ભારતીય સંસ્કૃતિના વૈવિધ્યને સુપેરે વ્યક્ત કરે છે.

ગુજરાતમાં ગરબા અને ભવાઈ, પંજાબમાં ભાંગડા, મહારાષ્ટ્રમાં લાવણી, આસામમાં બિહુ વગેરેમાં જે–તે પ્રદેશની લોકસંસ્કૃતિનાં દર્શન થાય છે. જોકે સામાજિક સંદર્ભ બદલાતા લોકસંસ્કૃતિનું સ્વરૂપ બદલાયું છે.

**(3) આદિવાસી સંસ્કૃતિ (Tribal Culture) :** વર્ષોથી આ ભૂમિમાં રહેતા આદિવાસીઓની સંખ્યા ભારતમાં નોંધપાત્ર છે. આદિવાસીઓની સંસ્કૃતિ આગવી ઓળખ ધરાવતી હોવાથી તેને જાણવી–સમજવી જરૂરી છે. આદિવાસી સંસ્કૃતિને સમજવી હોય તો ભારતીય સંસ્કૃતિ-સભ્યતાના સંદર્ભમાં જ જોઈ સમજી શકાય.

આદિવાસી સંસ્કૃતિ શાસ્ત્રીય કે પ્રશિષ્ટ અને લોકસંસ્કૃતિથી જુદી પડે છે. જોકે આદિવાસી સંસ્કૃતિ લોકસંસ્કૃતિનાં ઘણાં તત્ત્વો ધરાવે છે; પરંતુ પ્રશિષ્ટ સંસ્કૃતિ સાથે અપવાદરૂપે સંબંધ ધરાવે છે. આદિવાસી સંસ્કૃતિમાં પ્રાચીન અને આધુનિક સંસ્કૃતિનો સમન્વય જોવા મળે છે.

આદિવાસી સંસ્કૃતિની આગવી ઓળખ વર્ષો સુધી અકબંધ રહી; પરંતુ ખ્રિસ્તી મિશનરીની અસર તેમજ આઝાદી બાદની વિકાસ યોજનાને લીધે વિવિધ લોકોના સંપર્કમાં આવવાને લીધે તેમની વિશિષ્ટ સંસ્કૃતિ લુપ્ત થવાને આરે છે.

**આદિવાસી સંસ્કૃતિની વ્યાખ્યા :**

**ભુપેન્દ્ર બ્રહ્મભટ્ટ –** ''પ્રકૃતિ સાથેનો સીધો સંપર્ક અને પર્યાવરણીય સંતુલન જાળવતી જીવનરીતોને મહત્ત્વ આપતી, સામૂહિક ઉત્સવ, ઉજવણી, નાચ-ગાન અને સામૂહિક જીવનનું પ્રભુત્વ ધરાવતી સંસ્કૃતિ એટલે આદિવાસી સંસ્કૃતિ.''

આદિવાસીઓની જીવનરીતો, તેમના રિવાજો અને તેમની સરળ માન્યતામાં આદિવાસી સંસ્કૃતિનાં દર્શન થાય છે.

આદિવાસી સંસ્કૃતિનાં ચાર લક્ષણો છે :

**(1)** કદમાં નાની **(2)** વિવિધતા

**(3)** વિશિષ્ટતા **(4)** સ્વાવલંબન

આ ચાર લક્ષણો આદિવાસી સમાજની ભૌગોલિક અને વસ્તીવિષયક પરિસ્થિતિ સાથે ગાઢ સંબંધ ધરાવે છે, જેનો વિગતવાર પરિચય પ્રકરણ-3માં જોઈશું.

**આદિવાસી કલાસંસ્કૃતિ :**

આદિવાસી જે કામ કરે છે તે સહજ સ્વાભાવિક હોય છે. તેઓ કળાને સૌંદર્યનિર્માણનું સાધન સમજતા નથી. તેઓને માટે તો એ જીવનનું અભિન્ન અંગ છે. આદિવાસી કલા અંગે વધુ સ્પષ્ટતા કરતાં કહી શકાય કે આદિવાસી સંસ્કૃતિમાં કલાનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો છે. આ લક્ષણોમાં માધ્યમ (medium), સાધનો (tools), પ્રક્રિયા (process), ઉપયોગ (function), શિક્ષણ (learning), જીવનતત્ત્વ (live), સાતત્ય (continuity), સહવાસ (togetherness), વિજ્ઞાન (science) વગેરેનો સમાવેશ થાય છે.

આપણે અહીંયાં તેમની ચિત્રકલા, ગીત-સંગીત-નૃત્યકલા અને માટીકલા અંગે ચર્ચા કરી આદિવાસી કલાસંસ્કૃતિ વિશે સમજૂતી મેળવીશું.

**ચિત્રકલા :** રાઠવાઓના પીઠોરાનાં ચિત્રો, ચૌધરીઓના નવાનાં ચિત્રો, કુંકણીઓના પસલી, ભીલોના ભારાડી, ભીલ ગરાશિયાનાં ગોત્રજનાં ચિત્રો એમ અનેક સ્વરૂપો આદિવાસી ચિત્રકલાની ભેટ છે. રાઠવા લોકોના ઘરની દીવાલ પર જે ચિત્ર થાય છે, જે દેવપીઠોરો ચીતરાય છે, તેની સાથે તે જીવન ગુજારે છે. બધા ભેગા મળીને ચીતરે, ચિત્ર કરે ત્યારે ઉપવાસ કરે છે. વળી ચિત્ર કરતા પહેલાં સાત લીપણ કુંવારી કન્યા કરે છે. સંગીત, નાચ-ગાન સાથે ચિત્ર બને છે. ચિત્ર એ સમૂહ જીવનનું ઉત્સવરૂપ તત્ત્વ છે. તેઓનાં ચિત્રોમાં દેવો આવે, રાજા આવે, ખેડૂત આવે, ઝાડ-પાન, સૂરજ-ચંદ્ર, જીવડાં, પશુ-પક્ષી સૌ આવે અને એમાં ભભકદાર રંગો પુરાય.

**ગીત-સંગીત-નૃત્યકલા :** ગીત, સંગીત અને નૃત્ય આદિવાસી જીવન સંસ્કૃતિના મહત્ત્વના અંશો છે. તેઓના આર્થિક રીતે વિષમ જીવનમાં નવી ચેતના, ઉલ્લાસ અને પ્રાણ સિંચવાનું કામ ગીત, સંગીત અને નૃત્ય કરે છે.

આદિવાસી સંગીતકલામાં તેમના સંગીતનાં જુદાં જુદાં વાદ્યોનું ખૂબ મહત્ત્વ જોવા મળે છે. આ વાદ્યો લાકડાનાં, હાડકાંના અને ચામડાના ઉપયોગથી બને છે. તેઓનાં સંગીત વાદ્યોમાં ચર્મવાદ્યોમાં ઢોલ, ડોબરું, નગારું વગેરેનો સમાવેશ થાય છે, તો સુષિર વાદ્યોમાં વાંસળી, શંખ, શરણાઈ, ભૂંગળનો સમાવેશ થાય છે. તંતુવાદ્યમાં તંબૂરો, સારંગી અને બોરનો સમાવેશ થાય છે તથા ડોબરું, ત્રાંસા, મંજીરા જેવા આ સંગીતવાદ્યો સાથે એમનાં લોકગીતો જે ઋતુઓ, દેવો અને સામાજિક જીવનને વણી લેતાં ગીતોનું તેઓ સતત ગાન કરતા રહે છે. આદિવાસીઓના

જીવનમાં નાચ–ગાનનું ખૂબ મહત્ત્વ છે. તેઓનાં નૃત્યો સામૂહિક હોય છે. જેમ કે ઘેરૈયા નૃત્ય, ડાંગ જિલ્લાનું તારફા નૃત્ય, ડાકણી નૃત્ય, ડોબરું નૃત્ય વગેરે જોવા મળે છે.

**માટીકલા :** આદિવાસીઓમાં વિશિષ્ટ માટીકલા સંસ્કૃતિ જોવા મળે છે. તેઓ માટીમાંથી વાસણો, રમકડાં અને દેવમૂર્તિ બનાવે છે. ગુજરાતના પોશીના વિસ્તારમાં ભીલ-ગરાશિયા માટીના ઘોડાઓ દેવને ચડાવે છે. તેઓ એ ઘોડાને જીવતા ઘોડા જેટલું જ માન આપે છે. ગુજરાતમાં આદિવાસી જાતિ પૈકી ચૌધરી, ગામીત, ધોડીયા, ભીલ, રાઠવા સૌ માટીના ઘોડા, હાથી, વાઘ, ગાય, બળદ, પુરુષ, સ્ત્રી વગેરેની મૂર્તિ બનાવે છે અને તે મૂર્તિઓ દેવને ચડાવે છે. આ સૌ પ્રકૃતિના અંશ છે તેવા ભાવ અને વિચાર આદિવાસી સંસ્કૃતિમાં હંમેશાં મહત્ત્વ ધરાવે છે.

## ભારતીય સમુદાય

ભારતીય સમાજ બહુમુખી સમાજ તરીકે સામાજિક-સાંસ્કૃતિક વિવિધતા ધરાવે છે. તેમાં અનેક જુદા જુદા સમુદાયો જેવા કે ધાર્મિક સમુદાય, ગ્રામીણ અને શહેરી સમુદાય તથા આદિવાસી સમુદાયો જોવા મળે છે, જેની અહીં માહિતી મેળવીશું.

### સમુદાયનો અર્થ :

''સમુદાય એટલે નિશ્ચિત ભૌગોલિક પ્રદેશમાં વસવાટ કરતા, સમાન સંસ્કૃતિ અને અમેપણાંની સામૂહિક ભાવના ધરાવતા, પારસ્પરિક સંબંધ ધરાવતા માનવસમૂહને સમુદાય કહે છે.''

વિદ્યાર્થીમિત્રો, સમુદાયના પ્રકારો માટે જુદા જુદા આધાર હોય છે. અહીં આપણા અભ્યાસક્રમને લક્ષમાં રાખીને ધાર્મિક સમુદાય, ગ્રામીણ સમુદાય, શહેર સમુદાય અને આદિવાસી સમુદાયની વિસ્તૃત સમજ મેળવીશું.

### સમુદાયના પ્રકારો :

### (1) ધાર્મિક સમુદાય :

વિદ્યાર્થીમિત્રો તમે પ્રકરણ-1માં ભારતના ધાર્મિક સમુદાય અંગેની આંકડાકીય માહિતી મેળવી. અહીં આપણે વિભિન્ન ધાર્મિક સમુદાયની ખાસિયતો જોઈશું.

### ધાર્મિક સમુદાયની વ્યાખ્યા :

ધાર્મિક સમુદાય એટલે એવું ચોક્કસ જૂથ કે જેને પોતાનું આગવું તત્ત્વજ્ઞાન, પૂજા-ઉપાસના પદ્ધતિ, ધાર્મિક માન્યતાઓ, વિધિ-વિધાનો અને આચાર સંહિતામાં સમાનતા હોય છે.

મિત્રો, આપણો ભારત દેશ બહુધર્મી છે. તેમાં જુદા જુદા ધાર્મિક સમુદાયમાં જોઈએ તો હિંદુ, ઈસ્લામ, ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ, જૈન પારસી અને યહૂદી ધર્મનો સમાવેશ થાય છે. ભારતમાં દરેક ગામ કે શહેરમાં મંદિર, મસ્જિદ, ગિરિજાઘર (ચર્ચ), ગુરુદ્વારા કે અગિયારી જેવાં સ્થળો ધર્મનાં પ્રતીક સ્વરૂપે જોવા મળે છે.

ભારતનાં બંધારણની કલમ 25(1) દરેક વ્યક્તિને પોતાનો ધર્મ સ્વતંત્ર રીતે સ્વીકારવા, વ્યવહારમાં લાવવા તેમજ તેનો પ્રચાર-પ્રસાર કરવાનો અધિકાર આપે છે. વિશ્વમાં ભારતમાં પ્રવર્તતી ધાર્મિક વિશ્વાસની સહિષ્ણુતા અને વિવિધતાની સ્વીકૃતિ ઉદાહરણરૂપ બને છે. ભારતમાં બધા જ પ્રકારના લોકો પોતાની ધાર્મિક શ્રદ્ધાને માનવા અને તેને સુરક્ષિત રાખવા સ્વતંત્ર છે. જુદા જુદા ધાર્મિક સમુદાયનો પરિચય નીચે મુજબ મેળવીશું.

#### (1) હિંદુ સમુદાય :

હિંદુ ધર્મમાં વ્યક્તિનું ધર્મનું સભ્યપદ જન્મથી નક્કી થાય છે. તેઓ ઈશ્વર નામની શક્તિ કોઈ ને કોઈ સ્વરૂપે સર્વવ્યાપી છે, વ્યક્તિ ઈશ્વર સુધી પહોંચી શકે છે તેવો દૃઢ વિશ્વાસ ધરાવે છે. હિંદુ સમુદાય એક ઈશ્વરમાં માનતો નથી. આ ધર્મમાં અનેકવિધતા જોવા મળે છે. ધર્મ, કર્મ, મોક્ષ ત્રણ મહત્ત્વના સિદ્ધાંતો છે. ધર્મ નૈતિક શક્તિ છે. કર્મ-વ્યક્તિને સારાં-ખરાબ કર્મોનું ફળ ભોગવવું પડે છે. મોક્ષ કર્મ અને જન્મ–મૃત્યુના બંધનમાંથી મુક્તિ આપે છે. શ્રીમદ્ ભગવદ્ગીતા તેમનું ધર્મ પુસ્તક, મંદિર તેમનું ધર્મસ્થાન છે તેમજ ધર્મસ્થાનોમાં સેવા–પૂજા કરનારને પૂજારી કહેવામાં આવે છે.

હિંદુ ધાર્મિક ગ્રંથો અનુસાર વ્યક્તિએ સમગ્ર જીવન દરમિયાન 16 સંસ્કારોમાંથી પસાર થવું પડે છે. જેમાં મુખ્ય જન્મ, લગ્ન અને મૃત્યુ સંસ્કાર છે.

હિંદુ ધર્મમાં શૈવ, વૈષ્ણવ, શાક્ત અને સ્માર્ત એવા ચાર ભાગો જોવા મળે છે. શૈવ શંકર–શિવની પૂજા કરે

છે. વૈષ્ણવો-વિષ્ણુની, શાક્ત દેવી કે માતાજીની અને સ્માર્ત એ શિવ-વિષ્ણુ કે દેવી એમ ત્રણેયની પૂજા કરે છે. હિંદુ ધર્મમાં અનેક સંપ્રદાયો, પંથો, વાડાઓ છે, જે ખૂબ જ જટિલ છે તેમ છતાં તેઓ વિશાળ હિંદુ સમુદાય સાથે પરસ્પર સંબંધ ધરાવે છે. આમ, હિંદુ ધર્મમાં અનેકવિધતા હોવા છતાં તેઓ ગાઢ રીતે સંકળાયેલા છે. તીર્થયાત્રા કરવી, દાન આપવું, જુદાં જુદાં ધાર્મિક વ્રતો કરવા, ધાર્મિક ગ્રંથોનું વાંચન અને તહેવારો ઊજવવા, પવિત્ર નદીઓમાં સ્નાન કરવું, ધર્મસ્થાનો અને સંતોને દાન અને સેવા આપવી વગેરેનું ખૂબ મહત્ત્વ છે તેમજ દિવાળી, હોળી, નવરાત્રિ તેમના ધાર્મિક તહેવારો છે.


**વિવિધ ધર્મના પ્રતીકો**

**(2) મુસ્લિમ સમુદાય :**

સમગ્ર ભારતમાં ઈસ્લામ ધર્મના અનુયાયીઓ જોવા મળે છે. તેઓ ધાર્મિક પુસ્તક કુરાને શરીફને ઈશ્વરનું શાબ્દિક સ્વરૂપ માને છે. મુસ્લિમોની ધાર્મિક ક્રિયાઓમાં નમાજ, રોજા અને હજને મહત્ત્વની ગણી છે. મહમ્મદ પયગંબરે સ્થાપેલો ઈસ્લામ ધર્મ એકેશ્વરવાદમાં માને છે.

કોઈ પણ મુસ્લિમે શરિયતના નિયમોનું પાલન કરવું ફરજિયાત હોય છે. હજયાત્રાને ઈસ્લામ ધર્મમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. મક્કામાં આવેલ પવિત્ર કાબાનાં દર્શનથી હજ થાય છે, જે પાપમાંથી મુક્તિ આપે છે તેવું તેઓનું દઢપણે માનવું છે. ઈસ્લામ ધર્મમાં તૌહીદ, નમાજ, રોજા, જકાત, હજ તેમજ ખેરાત એ મુખ્ય ધાર્મિક વિધિઓ છે. પાંચ વખતની નમાજ કરવી જરૂરી મનાય છે. આવકનો અમુક હિસ્સો ખેરાત રૂપે આપવો ફરજિયાત હોય છે. ઈસ્લામમાં હિજરી પંચાંગ મુજબ ધાર્મિક બાબતો, લગ્ન અને ઉત્સવોની ઉજવણી થાય છે. મોહરમથી મુસ્લિમોનું નવું વર્ષ શરૂ થાય છે.

ઈસ્લામમાં રમજાન એ સૌથી પવિત્ર મહિનો ગણાય. જેમાં સ્ત્રી-પુરુષો આત્મકલ્યાણ શુદ્ધિ માટે ઉપવાસ કરે છે. જેમાં ચંદ્રદર્શનને મહત્ત્વ આપે છે. તેમના ધાર્મિક સ્થાનને મસ્જિદ કહે છે. જ્યાં તેઓ સામૂહિક નમાજ અદા કરે છે. ઈસ્લામના અનુયાયીના મૃત્યુ બાદ દફનવિધિ કરવામાં આવે છે.

મુસ્લિમો શિયા અને સુન્ની એમ બે વિભાગોમાં વિભાજિત છે. શિયા કરતાં સુન્ની મુસ્લિમોની સંખ્યા ભારતમાં વધુ છે. તેમના ધર્મગુરુને ઈમામ કહે છે. રમજાન ઈદ, મહોરમ તેમના ધાર્મિક ઉત્સવો છે.

**(3) ખ્રિસ્તી સમુદાય :**

ભારતમાં હિંદુ–મુસ્લિમ ધર્મની વસ્તી કરતાં ખ્રિસ્તીઓની વસ્તી ખૂબ ઓછી (2.30 ટકા) છે. ભારતમાં તેઓ ગોવા, મહારાષ્ટ્ર, અરુણાચલ પ્રદેશ, કેરલ અને તમિલનાડુમાં મોટે ભાગે રહેલા છે. ભારતીય ખ્રિસ્તીઓ મુખ્યત્વે રોમન કૅથલિક અને પ્રોટેસ્ટન્ટ તેમજ અન્ય સાંપ્રદાયિક ચર્ચમાં વિભાજિત થયેલા છે.

બાઈબલ તેમનું ધર્મ પુસ્તક છે. ખ્રિસ્તી ધર્મમાં ઈસુ ખ્રિસ્તને ઈશ્વરના પયગંબર તરીકે માનવામાં આવે છે. તેમના ધર્મસ્થાનને ચર્ચ તરીકે ઓળખવામાં આવે છે.

ખ્રિસ્તી ધર્મના મુખ્ય ત્રણ સિદ્ધાંતો છે :

- ઈશ્વરના પુત્ર અને સંદેશાવાહક તરીકે ઈસુ ખ્રિસ્તમાં શ્રદ્ધા અને વિશ્વાસ
- સેવા
- પડોશી પ્રત્યે પ્રેમ અને સહિષ્ણુતા

ભારતમાં કૅથલિક સંપ્રદાયના ખ્રિસ્તીઓની સંખ્યા વધુ છે. ખ્રિસ્તીઓના ધર્મગુરુને પોપ કહે છે. જે પ્રત્યેક ધાર્મિક બાબતોમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયમાં જુદાં જુદાં ચર્ચ મહત્ત્વનાં હોય છે. કૅથલિક સંપ્રદાયના ખ્રિસ્તીઓ ધાર્મિક તીર્થયાત્રા કરે છે. તેમનાં ધાર્મિક સ્થળ મુંબઈ અને કેરલનું અર્નાકુલમ છે. રોમન કૅથલિક

ખ્રિસ્તીઓમાં ચર્ચમાં બિશપ દ્વારા જુદી જુદી પવિત્ર વિધિ કરવામાં આવે છે. લગ્નની વિધિ ચર્ચમાં પાદરી દ્વારા થાય છે. નાતાલ, ઈસ્ટર, ગુડફ્રાઈડે વગેરે તેમના તહેવારો છે.

**(4) જૈન સમુદાય :**

ભારતમાં જૈન ધર્મના અનુયાયીઓની સંખ્યા ઓછી છે. તેઓ મોટે ભાગે ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં રહે છે. ભારતના પ્રાચીન ધર્મોમાં જૈન ધર્મની ગણના થાય છે. જૈન ધર્મમાં 24 તીર્થંકરો થયા. જેમાં પ્રથમ ઋષભદેવ અને 24મા મહાવીર સ્વામી છે. જૈન સમુદાયમાં શ્વેતાંબર અને દિગંબર (વસ્ત્ર ન પહેરનાર) એવા વિભાગો છે. હિંદુ ધર્મની જેમ જૈન ધર્મ આત્મા, કર્મનો સિદ્ધાંત અને જીવન-મૃત્યુમાં માને છે. ઉપવાસને સ્વશુદ્ધિ માટેની તપસ્યા ગણે છે. વૈચારિક શુદ્ધિ માટે માનસિક શિસ્તને મહત્ત્વ આપે છે. તેમનું ધાર્મિક પુસ્તક કલ્પસૂત્ર છે. તેઓ અનેકાંતવાદ, પરલૌકિકવાદ, અહિંસા કર્મ, ધર્મ, મોક્ષ, સત્ય, અસ્તેય, અપરિગ્રહના તત્ત્વના જ્ઞાનમાં માને છે.

**(5) શીખ સમુદાય :**

શીખ ધર્મના અનુયાયીઓ મોટે ભાગે ભારતના પંજાબ અને ઉત્તર-પૂર્વના પ્રદેશમાં જોવા મળે છે. શીખ ધર્મ સમતાવાદી અને સમન્વયકારી છે. તેમના ધર્મગ્રંથને ગુરુ ગ્રંથ સાહેબ અને ધર્મસ્થાનને ગુરુદ્વારા કહે છે. તેઓમાં જ્ઞાતિ વ્યવસ્થા જોવા મળે છે. જેમાં જાટ, બ્રાહ્મણ, ક્ષત્રિય, કારીગર વર્ગની જ્ઞાતિઓ હોય છે. શીખ ધર્મ અપનાવનાર નિમ્ન જ્ઞાતિના લોકો મજહબી તરીકે ઓળખાય છે. તેઓને સરદાર કહેવામાં આવતા નથી.

તેઓ જે ધાર્મિક કીર્તન કરે છે તેને ગુરૂબાની કહે છે. તેમનામાં પાંચ ‘ક’ નું ખૂબ મહત્ત્વ છે. જેમાં કેશ, કંગા, કડું, કચ્છ, કિરપાણનો સમાવેશ થાય છે. શીખ ધર્મમાં લંગરનું આગવું મહત્ત્વ હોય છે. અમૃતસરનું સુવર્ણ મંદિર તેમનું ધાર્મિક સ્થળ છે.

**(6) બૌદ્ધ સમુદાય :**

ભારતમાં શીખ ધર્મના અનુયાયીઓની જેમ બૌદ્ધધર્મીઓનું પ્રમાણ ઓછું છે. મોટા ભાગના બૌદ્ધધર્મીઓ મહારાષ્ટ્રમાં વસે છે. તે ઉપરાંત ઉત્તર-પશ્ચિમ ભારત અને અરુણાચલ પ્રદેશમાં વસે છે. સમ્રાટ અશોકના સમયમાં ભારતમાં બૌદ્ધ ધર્મનો ફેલાવો ઘણો હતો. બૌદ્ધ ધર્મમાં હીનયાન, મહાયાન અને વિરાજયાન એવા ત્રણ સૈદ્ધાંતિક તફાવતો છે. બૌદ્ધ ધર્મમાં બે સ્તર છે. જેમાં ઉચ્ચ સ્તરના બૌદ્ધોમાં બ્રાહ્મણ-ક્ષત્રિય અને અમુક કક્ષાના ગૃહપતિઓ છે, જ્યારે નિમ્નસ્તરમાં બૌદ્ધ ધર્મમાં ધર્માંતરિત થયેલા આદિવાસીઓ અને સીમાંત સમૂહો છે. સારનાથ, સાંચી, બોધિગયા બૌદ્ધ ધર્મના મહત્ત્વનાં કેન્દ્રો છે. તેમના ધર્મગુરુ લામા તરીકે ઓળખાય છે. તેમના ધર્મસ્થાનમાં વિશ વિલ (Wish Wheel) હોય છે. બૌદ્ધ ધર્મ સ્થાનને બૌદ્ધ મંદિર તરીકે ઓળખાય છે. તેમનું ધર્મ પુસ્તક ત્રિપિટક છે તેમજ તેઓ કર્મ અને પુનર્જન્મમાં માને છે.

**(7) પારસી સમુદાય :**

ભારતમાં પારસી સમુદાય ખૂબ નાનો છે. તેઓ આઠમી સદીમાં ઈરાનથી દરિયાઈ માર્ગે ગુજરાતમાં થઈને ભારતમાં આવ્યા છે. દૂધમાં સાકર ભળે તેમ ભારતના રાષ્ટ્રીય જીવનમાં ઓતપ્રોત થયા છે. ભારતમાં તેઓએ વેપારી સમુદાયની જીવનશૈલી અપનાવી છે. તેઓ પવિત્ર અગ્નિની પૂજા કરે છે. તેમના ધર્મસ્થાનને અગિયારી કહે છે. હૂમ્ત (સારા વિચારો), હુખ્ત (સારા શબ્દો), હુવરસ્ત (સારાં કર્મો) તેમનાં ધાર્મિક સૂત્રો છે. તેમનું ધાર્મિક પુસ્તક અવેસ્તા છે. પતેતી તેમનો મુખ્ય તહેવાર છે.

**(8) યહૂદી સમુદાય :**

ભારતમાં તેમની વસ્તી ઓછી છે. યહૂદીઓ હિબ્રૂવંશના છે. તેમનાં મુખ્ય બે જૂથ છે. જેમાં એક જૂથ કોચીનમાં અને બીજું જૂથ કોંકણમાં નિવાસ કરે છે. તેમના ધર્મ સ્થાનને ટેમ્પલ માઉન્ટ કહે છે. તેમનું ધર્મ પુસ્તક ‘તનખ કે તોરાહ’ છે. તેમના ધર્મગુરુને રબ્બી કહે છે. યહૂદી ધર્મનો ઉદ્‌ભવ જેરુસલેમમાં થયો છે. તેમની ધાર્મિક ફિલોસૉફી ન્યાય, સત્ય, શાંતિ, પ્રેમ, દયા અને કરુણા છે. તેઓ જેહોવા અથવા યહોવાહને ભગવાન માને છે. બધા જ યહૂદીઓ ઉપાસના કેન્દ્રમાં સાથે પૂજા-આરાધના કરે છે. ભારતમાંથી ઘણા યહૂદીઓ ઈઝરાયલમાં સ્થળાંતરિત થયેલા છે.

આમ, ભારતમાં દરેક ધાર્મિક સમુદાયોમાં પણ વૈવિધ્ય છે. ભારત સરકારે મુસ્લિમ, શીખ, ખ્રિસ્તીઓ, બૌદ્ધ, પારસી અને જૈન એમ છ સમુદાયોને લઘુમતી તરીકે જાહેર કર્યા છે. ભારતમાં બધી મળીને 17.17 ટકા લઘુમતી વસ્તી છે. આ ધાર્મિક લઘુમતીઓનાં કલ્યાણ માટે કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે.

**(2) ગ્રામીણ સમુદાય :**

ગામડું એ પ્રકૃતિની નિકટ વસવાટ કરતા મોટે ભાગે ખેતી અને ખેતી સાથે સંબંધિત વ્યવસાય કરતા અને વિશિષ્ટ જીવનશૈલી ધરાવતા લોકોનો બનેલો નાનો પ્રાથમિક સમુદાય છે. જેમાં મોટે ભાગે એકવિધતા અને એકતા હોય છે. કૃષિ અને જ્ઞાતિ આધારિત સ્તરીકૃત સામાજિક અસમાનતા હોય છે. લોકો મોટે ભાગે પરંપરાને વળગી રહેવાનું વલણ ધરાવે છે. આથી તેઓ પરિવર્તનનો ધીમો સ્વીકાર કરે છે. સામાજિક ગતિશીલતા પ્રમાણમાં ઓછી હોય છે.

સમગ્ર ભારતમાં એકસમાન સ્વરૂપના ગ્રામ સમુદાય નથી; પરંતુ કદ, વસવાટની ઢબ તેમજ સામાજિક રચનામાં વૈવિધ્ય જોવા મળે છે. ગ્રામ સમુદાયમાં જ્ઞાતિ, ધર્મ, કોમ, ભાષાકીય બંધારણ, સંસ્કૃતિમાં તફાવતો હોય છે. છતાં ગ્રામ સમુદાયમાં પ્રદેશ અને દેશના સંદર્ભમાં કેટલાંક તત્ત્વો સમાન હોય છે.

**ગ્રામ સમુદાયની વ્યાખ્યા :**

જુદા જુદા સમાજશાસ્ત્રીઓએ ગ્રામ સમુદાયની વ્યાખ્યા નીચે મુજબ દર્શાવી છે :

**એમ. એન. શ્રીનિવાસ** - ''ગામડું એક પરસ્પરાવલંબી એકમ છે. મહદંશે આત્મનિર્ભર છે. ગામને પોતાની ગ્રામ સમિતિ છે. ગામડાની અંદર દરેક જ્ઞાતિ પોતાનું આગવું જીવન જીવે છે. ગામડું એ જ્ઞાતિ જેવા ભિન્ન ભિન્ન આડા સ્તરોનો બનેલો ઊભો એકમ છે.''

**એસ. સી. દૂબે** - ''ગામડું એક પ્રાદેશિક જૂથ છે. તે સામાજિક, આર્થિક, ધાર્મિક વિધિ વિધાન અને સામાજિક વ્યવસ્થાનો એકમ છે. તે સંગઠિત રાજકીય સમાજનો ભાગ છે. વ્યક્તિ ગ્રામ સમુદાય ઉપરાંત જ્ઞાતિ, ધર્મ, પ્રાદેશિક જૂથની સભ્ય હોય છે. ગામડાંમાં એકથી વધુ જ્ઞાતિઓ હોય છે. જે ગામના સામાજિક, ધાર્મિક અને વહીવટી સંગઠનમાં સુગ્રથિત થયેલી હોય છે.''

**ડી. એન. મજમુદાર** - ''ગ્રામ સમુદાયને એક જીવનશૈલી તરીકે પારિભાષિત કરે છે.''

**ગ્રામ સમુદાયનાં લક્ષણો :**

ગ્રામ સમુદાયનો અર્થ અને વ્યાખ્યાના આધારે તેનાં લક્ષણો નીચે મુજબ છે :

**(1) પ્રકૃતિમય જીવન :**

ભારતીય ગ્રામ સમુદાયના લોકો પ્રકૃતિની નિકટના સંબંધમાં જીવન જીવે છે. આજીવિકાનું મુખ્ય સાધન ખેતી હોવાથી જમીન સાથે સતત સંપર્કમાં રહે છે. ખેતી માટે વરસાદ, સૂર્ય, વનસ્પતિ, પશુ, નદી, તળાવ, પવન વગેરે પ્રકૃતિનાં તત્ત્વોની નજીક પોતાનું જીવન જીવે છે.

**(2) નાનો પ્રાથમિક સમુદાય :**

ભારતના મોટા ભાગનાં ગામડાં નાનાં કદનાં છે. તેને લીધે દરેક ગ્રામજનો એકબીજાથી પરિચિત હોય છે. તેથી તેમની વચ્ચે સામાજિક નિકટતા હોય છે, જે પ્રસંગોપાત ગ્રામ એકતા સ્વરૂપે વ્યક્ત થાય છે.

**(3) બહુમુખી સમાજ :**

ગ્રામ સમુદાય અનેક જૂથોનો બનેલો બહુમુખી સમાજ છે. તેમાં જુદા જુદા જ્ઞાતિ સમાજ હોય છે. જ્ઞાતિ, ધર્મ, કોમ વગેરેનું વૈવિધ્ય હોય છે. વિભિન્ન જૂથો સામુદાયિક જીવનમાં સુગ્રથિત થયેલા હોય છે.

**(4) એકવિધતા :**

ગ્રામ સમુદાયમાં ધર્મ, ભાષા, પોશાક, રીત-રિવાજો, માન્યતાઓ, મૂલ્યો, કેટલેક અંશે વ્યવસાયમાં એકવિધતા હોય છે. જોકે તેમાં વૈવિધ્ય કે તફાવતો હોય છે. પરંતુ તે ગૌણ સ્વરૂપે જોવા મળે છે. એકવિધતા ગામની એકતામાં ફાળો આપે છે.

**(5) કૃષિ આધારિત અર્થવ્યવસ્થા :**

ગ્રામ સમુદાયની અર્થવ્યવસ્થા ખેતી આધારિત જોવા મળે છે. ખેતી એટલે પ્રકૃતિ પાસેથી પ્રત્યક્ષ આજીવિકા મેળવવી. કૃષિ સંબંધિત અન્ય વ્યવસાયો પણ જોવા મળે છે.

**(6) જ્ઞાતિ-વિભાગો :**

ગ્રામ સમુદાયમાં જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચે દરજ્જાના તફાવતો હોય છે. જ્ઞાતિના પાયા ઉપર ભેદભાવો હોય છે; પરંતુ જ્ઞાતિઓ વ્યવસાયિક સેવાઓ દ્વારા પરસ્પરાવલંબિત હોય છે. ગ્રામ સમુદાયોમાં કૃષિ આધારિત વર્ગરચના

જોવા મળે છે. જેમાં સમૃદ્ધ, મધ્યમ અને નાના ખેડૂતોનો વર્ગ, ખેડૂત-ખેતમજૂરનો સમાવેશ થાય છે.

**(7) કુટુંબવાદ :**

ગ્રામીણ સમુદાય સંયુક્ત કુટુંબની લાક્ષણિકતા ધરાવે છે. ગ્રામીણ સમુદાયની પાયાની સંસ્થા તરીકે કુટુંબ ગામના સામુદાયિક જીવન ઉપર સર્વાંગી અસર ઉપજાવે છે. ગામના સામાજિક સંબંધો ઉપર કૌટુંબિક સંબંધોનો વિશેષ પ્રભાવ પડે છે.

**(8) ગ્રામીણ ધર્મ :**

ગ્રામીણ સમુદાયનો ધર્મ પ્રકૃતિપ્રધાન હોય છે. સૂર્ય, પાણી, જમીન, પશુ જેવાં પ્રકૃતિનાં તત્ત્વો સાથે સંબંધિત છે. કુદરતી આફતોને લીધે તેઓ નસીબવાદી વલણ ધરાવતા હોય છે. પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોની પૂજા-અર્ચના-આરાધના કરતાં હોય છે.

**(9) જ્ઞાતિપંચ, ગ્રામ પંચ :**

ગ્રામ સમુદાયમાં જ્ઞાતિપંચ, ગ્રામપંચ સામાજિક નિયંત્રણનું કામ કરે છે. જ્ઞાતિપંચ જ્ઞાતિના નિયમોનું પાલન કરાવે છે. ગ્રામના પંચમાં બધી જ્ઞાતિઓનું પ્રતિનિધિત્વ હોય છે. ગ્રામપંચ જ્ઞાતિઓ વચ્ચેના સંઘર્ષનું નિરાકરણ કરે છે. જોકે કાનૂની પંચાયતો આવતા ગ્રામપંચની સત્તા ઘટી છે.


આ ઉપરાંત ગ્રામીણ સમુદાયમાં જ્ઞાતિ અને કૃષિ આધારિત સ્તર રચના હોવાથી ગતિશીલતાની તકો મર્યાદિત રહે છે. જોકે જે ખુલ્લા વ્યવસાયો છે, જે સ્વીકારીને પોતાનો દરજ્જો બદલાવી શકાય છે. ગ્રામજનો પરંપરાને વળગી રહેવાનું વલણ ધરાવે છે. આથી તેઓ પરિવર્તનને ઝડપથી સ્વીકારતા નથી. જોકે નવી અનામતનીતિ, એન.જી.ઓ.(NGO)ની ભૂમિકા, માહિતી મેળવવાનો અધિકાર, સરકારી યોજનાઓને કારણે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી જુદાં જુદાં પરિબળોની અસર ગ્રામ સમુદાય પર પડી છે. કૃષિક્રાંતિ, શ્વેતક્રાંતિ અને સંચારક્રાંતિને લીધે ગ્રામ સમુદાયો વૈશ્વિક અને રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાનો ભાગ બનવા લાગ્યા છે. ગ્રામીણ સમુદાયોમાં સંસ્થાકીય પરિવર્તનો આવવા લાગ્યા છે. જેથી ગ્રામીણ જીવનશૈલી બદલાવા લાગી છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ગામડાંમાંથી શહેરોમાં મોટા પાયે સ્થળાંતરને કારણે ગ્રામીણ વસ્તી ઘટવા લાગી છે.

ગ્રામીણ સમુદાય એ ભૌગોલિક રીતે ક્યાં આવેલો છે અને વિકસિત નગર સમુદાયની કેટલો નજીક કે દૂર છે તેના ઉપર તેનાં લક્ષણોનો આધાર રહેલો છે. જો તે નગર સમુદાયની નજીક હોય અને વાહનવ્યવહારથી જોડાયેલો હોય તો તેનાં લક્ષણોમાં ઘણું બધું પરિવર્તન જોવા મળતું હોય છે. જ્યારે વિકસિત સમાજથી દૂર હોય તેવા ગ્રામીણ સમુદાયમાં ઉપર જણાવ્યા પ્રમાણેનાં લક્ષણો વધુ સ્પષ્ટ રીતે જોવા મળતા હોય છે.

**(3) શહેર સમુદાય :**

ભારત ગામડાંઓના દેશ તરીકે ઓળખાય છે. તેમ છતાં ભારતમાં પ્રાચીન સમયની સિંધુખીણ (મોહેન્જો-દડો, હડપ્પા)ની શહેરી સભ્યતા જોવા મળે છે. ભારતને તેનાં શહેરોની પ્રાચીન પરંપરા રહી છે. અનેક વિદેશી મુસાફરો જેવા કે હ્યુ એન સંગ, ફાહ્યાન વગેરેએ પોતાનાં લખાણોમાં ભારતના જુદા જુદા પ્રદેશોનાં વિકસેલાં શહેરોનો ઉલ્લેખ કર્યો છે. દા.ત., કાશી (બનારસ), મથુરા વગેરે શહેરો અને તેની આસપાસનાં ગામડાંઓ વચ્ચે ચોક્કસ પ્રકારના સંબંધો પણ હતા.

વિદ્યાર્થીમિત્રો, આવા નગર સમુદાય અંગે આપણે માહિતી મેળવીશું.



**શહેર સમુદાય**

**શહેર સમુદાયનો અર્થ :**

શહેર માટે નગર શબ્દ પ્રચલિત છે. શહેરી વિસ્તારમાં વસવાટ કરતા લોકોના બનેલા સમુદાયને શહેર સમુદાય કહે છે. જેમાં વસ્તીનું કદ મોટું અને ઘનતા વધુ હોય છે. મોટા ભાગની વસ્તી બિનકૃષિ વ્યવસાયમાં કામ કરતી

હોય છે. આવા નગરનું કદ મોટું હોવાથી તેના સભ્યો વચ્ચે ઔપચારિક સંબંધો હોય છે. ધર્મ, વ્યવસાય, કોમ, જ્ઞાતિ, ભાષા, હિતો વગેરે બાબતોમાં વિવિધતા હોય છે. મોટે ભાગે પ્રકૃતિથી દૂર હોય છે. સમાજશાસ્ત્રીય દૃષ્ટિથી જોઈએ તો શહેર કે નગર સમુદાય એક જીવનશૈલી છે. નગરમાં વધુ વસ્તી અને ગીચતા હોય છે. વાહનવ્યવહારની અવરજવર, ખરીદ-વેચાણ, વૈજ્ઞાનિક અને શૈક્ષણિક સગવડ વધુ હોય છે. નગર સમુદાયના લોકોની સામાજિક વ્યવસ્થા અને માન્યતાઓ તેમજ શ્રદ્ધાઓમાં વૈવિધ્ય હોય છે.

ભારતમાં એક સમાન સ્વરૂપના નગર સમુદાય નથી પરંતુ તેમાં કદ, કાર્ય, રચના, વસવાટની ઢબ વગેરેમાં વિવિધતા જોવા મળે છે.

**શહેર સમુદાયની વ્યાખ્યા અને લક્ષણો :**

**લૂઈ વર્થ** - ''મોટું કદ, ગીચ વસ્તી અને અનેકવિધતા એ નગર સમુદાયની મહત્ત્વની બાબતો છે.''

**કિંગ્સ્લે ડેવિસના** જણાવ્યા મુજબ નગર સમુદાય વિવિધ લાક્ષણિકતાઓ ધરાવે છે :

**(1) અનેકવિધતા :**

નગર સમુદાયના સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં જેમ કે ધર્મ, ભાષા, જ્ઞાતિ, સંસ્કૃતિ, વ્યવસાય વગેરેમાં અનેકવિધતા હોય છે. સામાજિક, સાંસ્કૃતિક પાર્શ્વભૂમિના તફાવતો જોવા મળે છે.

**(2) દૂરવર્તી સંબંધો :**

નગર એ દૂરવર્તી સમુદાય છે. જેમાં તેના સભ્યો વચ્ચેના સંબંધો અને સંપર્કો પોતાનાં હિત સંતોષવા પૂરતા મર્યાદિત હોય છે. માત્ર ભૌતિક નિકટતા હોય છે. સામાજિક નિકટતા ઓછી હોય છે. સંબંધોમાં વધુ યાંત્રિકતા અને ઔપચારિકતા હોય છે.

**(3) વૈયક્તિકરણ :**

નગર સમુદાયમાં વ્યક્તિનું વૈયક્તિકરણ થાય છે. એટલે કે વ્યક્તિએ પોતાનાં હિતો સંતોષવા પોતે જ સાધનની પસંદગી કરીને ધ્યેય પ્રાપ્ત કરવાનું છે. તેમાં આવતી મુશ્કેલીઓને પોતે જ દૂર કરી ધ્યેય પ્રાપ્ત કરવા વ્યક્તિએ એકલાએ જ પ્રયત્ન કરવો પડે છે. આથી વ્યક્તિ નગર સમુદાયમાં એકલાપણું અનુભવે છે.

**(4) સામાજિક ગતિશીલતા :**

સામાજિક ગતિશીલતા નગર સમુદાયની ખાસિયત બની રહે છે. નગરમાં વ્યક્તિની ગતિશીલતાને પ્રોત્સાહન મળે છે. તે માટે જુદાં જુદાં પ્રલોભનો, તકો અને અનેક પ્રકારનાં આકર્ષણો જે વ્યક્તિને સામાજિક ગતિશીલતા માટે પ્રેરે છે. પ્રાપ્ત દરજ્જા વધુ મહત્ત્વના હોય છે. જુદા જુદા વ્યવસાયો, તાલીમ, શિક્ષણની સગવડોનો લાભ લઈ વ્યક્તિ પોતાનો દરજ્જો ઊંચો લઈ શકે છે. સમાજજીવનમાં સ્પર્ધાનું તત્ત્વ વિશેષ હોય છે.

**(5) દૂરવર્તી સામાજિક નિયંત્રણ :**

નગર વિશાળ અને દૂરવર્તી સમુદાય હોવાથી જાહેર જીવન શક્ય બનાવવા તેમજ સામુદાયિક સંગઠન જાળવવા અને લોકોના જાનમાલ, હકો-હિતોનું રક્ષણ કરવા કાયદો, પોલીસતંત્ર, કોર્ટ, ગુપ્તચર વિભાગો, વહીવટી વિભાગો વગેરે જરૂરિયાત બની રહે છે. નગર સમુદાયમાં ગ્રામ સમુદાય કરતાં ધોરણભંગ વર્તન છુપાવવાની વધુ તક હોય છે.

**(6) સામાજિક સહિષ્ણુતા :**

નગર સમુદાયમાં અમુક વર્તનો અને વિવિધતાઓ પ્રત્યે સહિષ્ણુતા કેળવાય છે. એટલે કે વ્યક્તિ પોતાના કરતા ભિન્ન જ્ઞાતિ, જાતિ, ધર્મ, ભાષા, કોમ આચાર-વિચાર, વ્યવહારો, અભિપ્રાયો, સંસ્કૃતિ પ્રત્યે ઉદારતા કે સમભાવ રાખીને પોતાનામાં સમાવી લે છે. નગર સમુદાયમાં દૂરવર્તી સંબંધો અને યંત્રવત્ જીવન હોવાથી જુદા જુદા પ્રકારની વ્યક્તિઓ, જૂથો, સંસ્કૃતિ અને વર્તન પ્રત્યે સહિષ્ણુતાનો ભાવ સામાજિક અનુકૂલન દર્શાવે છે.

**(7) સ્થાનિક પૃથકતા :**

નગર સમુદાય જુદા જુદા ભૌગોલિક વિસ્તારોમાં વિભાજિત થાય છે. નગરના અમુક વિસ્તારો વેપાર-વાણિજ્ય ઉદ્યોગ-ધંધાનું કેન્દ્ર હોય છે. અમુક વિસ્તારોમાં રહેઠાણ, મનોરંજન, શિક્ષણ, વહીવટ, ચિકિત્સા,

ધર્મ વગેરે અવર-જવર સંબંધી કેન્દ્રો વિકસ્યા છે.

**(8) યંત્રવત્ જીવન :**

યંત્રવત્ જીવન નગર સમુદાયની ખાસિયત છે. વ્યક્તિનું જીવન ઘડિયાળના કાંટાની જેમ સંચાલિત થતું હોય છે. વ્યક્તિ માનસિક રીતે સતત વ્યગ્રતા, તંગદિલી અને સંઘર્ષનો અનુભવ કરે છે.

**(9) સ્વૈચ્છિક સંગઠન :**

નગર સમુદાયમાં સેવા અને માનવતાવાદી સ્વૈચ્છિક સંગઠનો જોવા મળે છે. જોકે નગરમાં સ્વૈચ્છિક સંગઠનો, અનેક મંડળો શહેરની સામાજિક જરૂરિયાત પ્રમાણે વિકસે છે, જે વ્યક્તિને સામાજિક-આર્થિક, માનસિક સલામતી પૂરી પાડે છે. વર્તમાન ભારતમાં શહેરીકરણ વધતું જાય છે. શહેરનાં સ્વરૂપ, આકાર બદલાવા લાગ્યા છે. વસ્તીની ગીચતા અને વૈવિધ્યમાં વૃદ્ધિ થવા લાગી છે. સાથે સાથે શહેર સમુદાયમાં અનેક નવી સમસ્યાઓ પણ ઉદ્ભવી છે. જેવી કે ગંદા વસવાટો, ટ્રાફિક, પ્રદૂષણ વગેરે.

**(4) આદિવાસી સમુદાય :**

ગ્રામ સમુદાય અને નગર સમુદાયથી જુદી એવી વિશિષ્ટ સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક જીવનશૈલી ધરાવતા અને મોટે ભાગે પ્રાથમિક કક્ષાનું સામુદાયિક જીવન જીવતા જુદા જુદા આદિવાસી સમુદાય ભારતમાં વસવાટ કરે છે.

આદિમ જાતિઓ, આદિવાસીઓ કે આદિમ સમુદાયને બંધારણના અનુચ્છેદ 342(1)ના આધારે અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખવામાં આવે છે.

ઈમ્પિરીયલ ગેઝેટિયર આદિવાસી સમુદાયને નીચે મુજબ સમજાવે છે :

''આદિવાસી કેટલાંક કુટુંબોનો સમુદાય છે જે સમાન નામ સમાન બોલી ધરાવતું અંતર્વિવાહી જૂથ છે તથા તેઓ સમાન પ્રદેશમાં વસે છે અથવા સમાન પ્રદેશના વતની છે તેવી માન્યતા ધરાવે છે.''

આદિવાસી સમુદાય સમાજના અન્ય લોકોથી સામાજિક વ્યવસ્થા અને અન્ય બાબતોમાં જુદા પડે છે. સમુદાયના સંદર્ભમાં આદિવાસી સમુદાયની લાક્ષણિક્તાઓ નીચે મુજબ દર્શાવી શકાય.

**(1) નિશ્ચિત ભૌગોલિક સ્થાન :**

સમુદાયની વ્યાખ્યામાં આ મહત્ત્વનું લક્ષણ છે. દરેક આદિવાસી સમુદાય નિશ્ચિત ભૌગોલિક સ્થાનમાં વસે છે. દા.ત., ગુજરાતમાં સાબરકાંઠાથી શરૂ કરી આહવા-ડાંગ સુધીની ઉત્તર-પૂર્વ પટ્ટીમાં મોટા ભાગના આદિવાસી સમુદાય વસે છે. તેમના નિશ્ચિત ભૌગોલિક વસવાટના સ્થાનને મૂળ વતન તરીકે જ ઓળખાવે છે.

**(2) વિશિષ્ટ નામ :**

પ્રત્યેક સમુદાય વિશિષ્ટ નામથી ઓળખાય છે. તેવી જ રીતે જુદા જુદા આદિવાસી સમુદાયને પોતાનાં વિશિષ્ટ નામ હોય છે. જેમ કે ગુજરાતમાં ભીલ, દુબળા, બાવચા વગેરે વિશિષ્ટ નામ સમુદાયની ઓળખ બની રહે છે.

**(3) સમાન ભાષા કે બોલી :**

દરેક આદિવાસી સમુદાયને ચોક્કસ અને સર્વસામાન્ય ભાષા કે આગવી બોલી હોય છે. ભારતના આદિવાસી સમુદાયમાં લિપિ જોવા મળતી નથી; પરંતુ સમાન ભાષા કે બોલી હોય છે.

**(4) સમુદાયના સભ્યો વચ્ચે પરસ્પરાવલંબન :**

આદિમ સમાજ પ્રમાણમાં વધારે સાદો અને એકવિધતાવાળો જોવા મળે છે. આવી એકવિધતા ભાષા ઉપરાંત વ્યવસાય, કુટુંબ વ્યવસ્થા, લગ્ન વ્યવસ્થા આનંદ-પ્રમોદનાં સાધનો વગેરેમાં હોય છે. જાણીતા સમાજશાસ્ત્રી ઈમાઈલ દર્ખાઈમ આવા સામાજિક સમુદાયને યાંત્રિક એકતા તરીકે વર્ણવે છે. આ સમુદાય એ અર્થમાં યાંત્રિક છે કે તેમાં રહેલાં જૂથો એકબીજાં સાથે યંત્રવત્ રીતે જોડાયેલાં હોય છે. જે મોટે ભાગે બધા જ સમાન વ્યવસાય કરે છે. દા.ત., સામુદાયિક ખેતી, પશુપાલન, કુદરતી ખાદ્ય સંકલન વગેરે. દરેક કુટુંબ પોતાનો જીવનનિર્વાહ પોતાની સામુદાયિક આર્થિક પ્રવૃત્તિ દ્વારા કરે છે. જેઓમાં સાદું શ્રમવિભાજન હોય છે.

આદિવાસીઓમાં સામુદાયિક ભાવના જળવાઈ રહે તે માટે અનેક તહેવારો, ઉત્સવો તેમજ આનંદ–પ્રમોદ કે મનોરંજનની પ્રવૃત્તિઓ સમુદાયના સભ્યો સાથે મળીને ઊજવે છે. તેમનાં નૃત્યો પણ વ્યક્તિગત નથી. જેમ કે આસામનું

બિહુ નૃત્ય કે ગુજરાતનું ડાંગી નૃત્ય કે વિશ્વમાં કોઈ પણ આદિવાસી નૃત્ય સામુદાયિક સ્વરૂપનું જોવા મળે છે.

સામાજિક રીત-રિવાજો, પરંપરાઓ વ્યક્તિવાદી નહિ પરંતુ સમુદાયને મહત્ત્વ આપે છે. ધાર્મિક આચરણમાં સમુદાયની રીતો મહત્ત્વની હોય છે. આદિવાસી સમુદાયમાં કુટુંબ જેમાં સગપણના સંબંધો વધુ મહત્ત્વના હોય છે. સગપણ વ્યવસ્થા વધુ વિકસિત હોય છે.

તેઓ ધર્મમાં મોટે ભાગે પ્રકૃતિનાં તત્ત્વોને દેવ ગણીને પૂજે છે. ભૂત-પ્રેત, ડાકણ જેવી અનેક પ્રકારની અંધશ્રદ્ધાઓમાં માનતા હોય છે. સામુદાયિક ભાવના વધારવામાં ધર્મની રીતોમાં ઉપાસના, માન્યતા, મૂલ્યો મહત્ત્વનાં હોય છે.

**(5) યુવાગૃહો :**

કેટલાક આદિવાસી સમુદાયમાં યુવાનો માટેનાં અલગ યુવાગૃહો હોય છે. જ્યાં તેમને સામુદાયિક શિક્ષણ આપવામાં આવે છે. શિકાર કે જીવનનિર્વાહની રીતોની તાલીમ, સમાજના ધોરણ મુજબનું સામાજીકરણ કરવામાં આવે છે.

**(6) સામાજિક નિયંત્રણ :**

આદિવાસી સમુદાયના સંચાલક તરીકે એક મુખ્ય વ્યક્તિ હોય છે, જે જૂથનો વડો કે સરદાર હોય છે. તે સમગ્ર સમુદાયને નિયંત્રિત કરે છે. તે પોતે જ સમુદાયનાં ધોરણો કે નિયમો ઘડે છે, જે સમુદાયના સભ્યોના વર્તનને નિયંત્રિત કરે છે. સમુદાયના બધાજ સભ્યોએ ધોરણનો અમલ કરવો પડે છે. સમુદાયનો કોઈ પણ વ્યક્તિ ધોરણભંગ વર્તન કરે તો તે સમગ્ર સમુદાયને નુકસાન થાય છે એવું માનવામાં આવે છે, પરિણામે સમુદાયનાં ધોરણોનો અમલ કરવામાં ન આવે તો તેની ઘણી કડક સજા કે શિક્ષા હોય છે. કેટલાક સંજોગોમાં વ્યક્તિને સજાના ભાગરૂપે સમુદાયથી અલગ કરવામાં આવે છે.

આમ, આદિવાસી સમુદાય કે જે પ્રાથમિક સાદો સમુદાય છે તેમની વિશિષ્ટ આગવી સંસ્કૃતિ, પ્રાથમિક કક્ષાનું શ્રમવિભાજન, સગપણ સંબંધો વધારે મજબૂત, સમુદાયની સત્તા કોઈ એક જ વ્યક્તિના હાથમાં હોય છે.

આ એકમમાં આપણે ભારતીય સંસ્કૃતિ અને તેનાં સ્વરૂપો તેમજ ભારતીય સમાજના વિવિધ સમુદાય અંગે માહિતગાર થયા. આગળના એકમમાં આપણે અનુસૂચિત જાતિ–જનજાતિ અને પછાત વર્ગોની માહિતી મેળવીશું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો :**

(1) ભારતીય સંસ્કૃતિનાં લક્ષણો સમજાવો.

(2) 'ભારત બહુધર્મી દેશ છે' આ વિધાન સમજાવો.

(3) ગ્રામીણ સમુદાયનો અર્થ અને લક્ષણો સમજાવો.

(4) શહેર સમુદાયનાં લક્ષણો સમજાવો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) ભારતીય સંસ્કૃતિનો અર્થ–વ્યાખ્યા સ્પષ્ટ કરો.

(2) આદિવાસી કળા સંસ્કૃતિની સમજૂતી આપો.

(3) આદિવાસી સમુદાયની વિસ્તૃત સમજ આપો.

(4) ભારતીય સંસ્કૃતિનું પ્રશિષ્ટ–માર્ગી સ્વરૂપ સમજાવો.

(5) હિંદુ સમુદાયની સમજૂતી આપો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) ભારતીય સંસ્કૃતિનાં સ્વરૂપો કયાં છે તે જણાવો.

(2) લોકસંસ્કૃતિનાં ઉદાહરણો દર્શાવો.

(3) આદિવાસીઓની માટીકલાની જાણકારી આપો.

(4) મુસ્લિમ સમુદાયની સમજૂતી આપો.

(5) પારસી સમુદાયની સમજૂતી આપો.

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) સંસ્કૃતિ એટલે શું ?

(2) લોકસંસ્કૃતિનાં અંગો કયાં કયાં છે ?

(3) આદિવાસી સંસ્કૃતિની વિશિષ્ટતા જણાવો.

(4) ખ્રિસ્તી ધર્મના મુખ્ય સિદ્ધાંતો જણાવો.

(5) શીખ ધર્મના પાંચ 'ક' કોને કહે છે ?

(6) ભારતીય સંસ્કૃતિ કેવી સંસ્કૃતિ તરીકે ઊપસી આવી છે ?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા શું છે ? ☐

(અ) વિવિધતામાં એકતા (બ) અલગતા (ક) અસહિષ્ણુતા (ડ) એક પણ નહિ

(2) ભારતીય સંસ્કૃતિનો દ્રષ્ટિકોણ કેવો છે ? ☐

(અ) વૈશ્વિક (બ) સ્થાનિક (ક) સંકુચિત (ડ) એક પણ નહિ

(3) લોકસંસ્કૃતિ એ કેવું સર્જન છે ? ☐

(અ) વ્યક્તિગત (બ) કુદરતનું (ક) સહિયારું (ડ) એક પણ નહિ

(4) લોકસંસ્કૃતિની પરંપરા કેવી છે ? ☐

(અ) લેખિત (બ) મૌખિક (ક) વર્ણનાત્મક (ડ) એક પણ નહિ

(5) આદિવાસી સંસ્કૃતિમાં શાનાં દર્શન થાય છે ? ☐

(અ) જીવનરીતિનાં (બ) માન્યતાનાં (ક) રિવાજોનાં (ડ) ઉપર્યુક્ત તમામનાં

(6) ભારતના બંધારણની કઈ કલમ વ્યક્તિને પોતાનો ધર્મ સ્વતંત્ર રીતે પાળવાની છૂટ આપે છે ? ☐

(અ) 25 (બ) 340 (ક) 15 (ડ) 118

(7) પારસીઓનું ધાર્મિક પુસ્તક કયું છે ? ☐

(અ) ભગવદ્ ગીતા (બ) અવેસ્તા (ક) કુરાને શરીફ (ડ) ત્રિપિટક

(8) યુવાગૃહો કયા સમુદાયમાં જોવા મળે છે ? ☐

(અ) ગ્રામીણ (બ) શહેરી (ક) આદિવાસી (ડ) એકપણ નહીં

(9) ગ્રામીણ અર્થવ્યવસ્થા શેના પર આધારિત છે ? ☐

(અ) કૃષિ (બ) વેપાર (ક) ઉદ્યોગ (ડ) આયાત-નિકાસ

(10) ભારતમાં ધાર્મિક લઘુમતી વસ્તી કેટલા ટકા છે ? ☐

(અ) 18.2 (બ) 17.17 (ક) 20.0 (ડ) 12.5

**પ્રવૃતિ**

- ભારતીય સંસ્કૃતિની વિવિધતાઓનો ચાર્ટ તૈયાર કરો.
- લોકસંસ્કૃતિના ભાગરૂપે લોક કહેવતોની યાદી બનાવો તેમજ લોકગીતોના પઠનનો કાર્યક્રમ યોજો.
- આદિવાસી કળા સંસ્કૃતિ અંગે ફોટો આલ્બમ બનાવો.
- તમારી નજીકના વિસ્તારના આદિવાસી ગામની મુલાકાત ગોઠવો.
- જુદા જુદા ધાર્મિક સમુદાય અંગે ચાર્ટ બનાવો.

●